ડીકન કેતન જે. ક્રિશ્ચિયન



# ડીકનઃ એક નમ્ર ધર્મસેવક

કેથલિક ધર્મસંઘમાં, ધર્મસંઘની સેવા કરવા માટે 'ડીકન'ની દીક્ષા આપવામાં આવે છે. આ શબ્દ ગ્રીક ભાષાના *'diakonia'* પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે, સેવા કે રાહત. ડીકન, ધર્મગુરુને ખ્રિસ્તયજ્ઞ અને અન્ય ઉપાસનાવિધિઓ દરમ્યાન, વેદી (altar) આગળ સહાય કરે છે, શુભસંદેશની ઘોષણા કરે છે, ઉપદેશ આપે છે અને દયાકૃત્યો (charity)ને લગતાં કાર્યો કરે છે. ધર્મવિભાગની જરૂરિયાતોને આધારે, તે પોતાની વ્યક્તિગત પ્રતિભા અનુસાર ધર્મવિભાગનાં સંગઠનો (પેરિશ એસોસિએશન) અને સેવા આયોગ માટે સેવા અને સમર્થન આપવા માટે ધર્મવિભાગના મુખ્ય સભાપુરોહિત સાથે સંકલન કરે છે. તે લગ્ન માટે યુગલોને તૈયાર કરે છે, અસામાન્ય સંજોગોમાં સ્નાનસંસ્કાર તો ગમે તે વ્યક્તિ આપી શકે. પણ ધર્મસેવક(ડીકન) સામાન્ય સંજોગોમાં પણ પુરોહિતો જેમ જ સ્નાનસંસ્કાર આપી શકે. સભાપુરોહિતની પરવાનગીથી ધર્મસેવક લગ્નસંસ્કારમાં ધર્મસભાના અધિકૃત પુરોહિતનું સ્થાન લઈ શકે. ખ્રિસ્તયજ્ઞમાં તે પુરોહિતનું સ્થાન ન લઈ શકે, પણ ખ્રિસ્તપ્રસાદ આપવાની એમને પુરોહિત જેવી જ સર્વસામાન્ય સત્તા છે. ધર્મસેવક બળસંસ્કાર, સમાધાન(પ્રાયશ્ચિત)સંસ્કાર, પુરોહિતદીક્ષાનો સંસ્કાર પ્રદાન ન કરી શકે. ધર્મસેવક માંદાંની આધ્યાત્મિક માવજત કરી શકે પણ એમનો તેલથી અભિષેક ન કરી શકે.

આમ તો ધર્મસભાની શરૂઆતથી જ ડીકનની પ્રથા ચાલી આવી છે. (પ્રેષિતોનાં ચરિતો ૬:૧-૭, ૧૪:૨૩, ૨૦:૧૭ અને ફિલિપ્પી ૧:૧, અને ૧ તિમોથી ૩:૮-૧૩, તિતસ ૧:૬-૯). સમય જતાં આ પ્રથા મૃતઃપાય થઈ ચાલી. જો કે, ૧૯૬૭ માં બીજી વેટિકન વિશ્વ પરિષદના પગલે કાયમી ડીકન (Permanent deacons) ની પ્રથાને પુનઃસ્થાપિત કરવામાં આવી. ૧૯૭૦ના દાયકાના મધ્ય સુધીમાં, યુનાઇટેડ સ્ટેટ્સમાં કૅથલિકોએ આ પ્રથાને વધાવી લીધી.



હંગામી ડીકન (Transitional deacons) એટલે આગળ વધીને જેઓ ધર્મગુરુની દીક્ષા લેવાના છે અને કાયમી ડીકન (permanent deacons) એટલે જેઓ કાયમી ધોરણે તેમને સોંપાયેલા ધર્મવિભાગની સેવા કરવાના છે. અમારા મેટાચન ધર્મપ્રાંતમાં આ માટે ૩૧થી ૬૦ની વચ્ચેની ઉંમર ધરાવતા, ધર્મપરાયણ, પ્રાર્થનારત અને સારુ ચારિત્ર ધરાવતા, મેટાચન ધર્મપ્રાંતના રહેવાસી, રોમન કૅથલિક, પરિણીત (અને જો બાળકો હોય તો બાળકની ઉંમર ઓછામાં ઓછી પાંચ વર્ષની હોવી જરૂરી છે) કે અપરિણીત પુરુષોને આમંત્રણ આપવામાં આવે છે. પરિણીત પુરુષોએ પત્નીના મૃત્યુ બાદ બીજાં લગ્ન નહીં કરવાના અને ત્યાર બાદ બ્રહ્મચર્ય પાળવાના અને અપરિણીત પુરુષોએ આજીવન અપરિણીત રહી બ્રહ્મચર્ય પાળવાના વ્રત લેવાના હોય છે.

મેટાચન ધર્મપ્રાંતના નિયમો અનુસાર આ માટે પાંચ વર્ષનો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવેલ છે. આમાં પ્રથમ વર્ષ દરમ્યાન પ્રાથમિક તૈયારીઓ, જેમાં પોતાના ધર્મવિભાગના મુખ્ય સભાપુરોહિત, ધર્મવિભાગના અન્ય બે સામાન્ય સભાસદો અને વ્યાવસાયિક ઉપરીના ભલામણ પત્રો, ઉમેદવારી પત્રો, પોતાની જીવનદાસ્તાન, પોતાના શબ્દોમાં, પોતાના હસ્તાક્ષરોમાં, વ્યક્તિગત, કૌટુંબિક (પત્ની અને બાળકો સહિત), સામૂહિક અને અંગત મૌખિક પરીક્ષા જેવી મુલાકાતો, ઉમેદવારનું સઘન માનસિક મૂલ્યાંકન (Psychiatric Evaluation) અને શૈક્ષણિક લાયકાતો વગેરે દ્વારા ઉમેદવાર અને તેના કુટુંબને ક્ષમતા માટે ચકાસવામાં આવે છે. બાકીનાં ચાર વર્ષો દરમ્યાન સીટન હોલ યુનિવર્સિટીની ઈમેક્યુલેટ કન્સેપ્શન સેમિનરી, સ્કૂલ ઓફ થીઓલૉજી દ્વારા ચલાવાતા અનુસ્નાતક શૈક્ષણિક અભ્યાસક્રમમાં દાખલ થવું પડે છે. આ સાથે સાથે ઉમેદવારે અને તેમનાં પત્નીએ પણ બીજા ઘણી કાર્યશાળામાં અન્ય તાલીમ લેવી પડે છે.

આ સમય દરમ્યાન ઉમેદવારની પવિત્ર ધર્મગ્રંથ આધારિત કૅથલિક મૂલ્યોની સૈદ્ધાંતિક અને કાયદાકીય સમજનું ઘડતર થાય છે. આ અનુભવ તેમને અન્ય ડીકન, ધર્મગુરુઓ અને ધર્માધ્યક્ષ સાથે સંવેદનશીલ સંબંધમાં રહેવા તૈયાર કરે છે. આ સમય દરમ્યાન દર વરસે ઉમેદવારનું વાર્ષિક મૂલ્યાંકન કરવામાં આવે છે અને આ મૂલ્યાંકન દરમ્યાન ઉમેદવાર, ઉમેદવારનાં પત્ની, ઉમેદવારના સભાપુરોહિતની વ્યક્તિગત ધોરણે અને સામૂહિક મુલાકાત ગોઠવવામાં આવે છે. ડીકનનું મુખ્ય કામ એક નમ્ર સેવક બનવાનું છે. સંત સ્તેફાનને એક ડીકન જે પ્રથમ શહીદ બન્યા હતા તેમને અત્રે યાદ કરીએ. આસિસિના સંત ફ્રાન્સિસ જે એક પ્રસિધ્ધ ડીકન હતા જેઓનું સરળ, નમ્ર અને પવિત્ર વચનના ઉપદેશકનું જીવન દરેક ડીકન માટે એક ખરું અને અર્થપૂર્ણ ઉદાહરણ છે.

**'કરમસદમાંથી કશું સારું નીપજી શકે ખરું?'**

મૂળ ગામ કરમસદ પરંતુ મારું બાળપણ સ્પૅનિશ મિશનરીઓ, અન્ય ધર્મગુરુઓ, સાધ્વીઓ, ધર્મપરાયણ શિક્ષકો અને સેવાનિષ્ઠ ધર્મજનોની વચ્ચે, મરિયમપુરા નામના નાનકડા પણ શ્રધ્ધાથી છલકતા ગામડામાં થયું. રોજના ખ્રિસ્તયજ્ઞમાં હાજરી

અને આખા કુટુંબનું દેવળ સાથેનું તાદાત્મ્ય મારી શ્રદ્ધા ઘડતરના પાયામાં રહેલાં છે. મારા વહાલા પિતાશ્રી, જોસેફ બેડા પરમાર, એક ધર્મપરાયણ પુરુષ, વફાદાર અને પ્રેમાળ પતિ, વહાલથી છલકાતા અને કુટુંબનું રક્ષણ કરનાર પિતા, કર્તવ્યનિષ્ઠ શિક્ષક, સામાજિક જાગૃતિ, ન્યાય અને સંગઠનના અગ્રેસર અને મારાં માતૃશ્રી સુશીલાબેન, શિસ્તનાં આગ્રહી, એટલાં જ ધર્મપરાયણ, વફાદાર અને પ્રેમાળ, વહાલથી છલકાતા, કર્તવ્યનિષ્ઠ શિક્ષક અને પતિશ્રી, જોસેફ બેડા પરમારને સતત સાથ આપનારાં!

મારાં માતાપિતાએ સીંચેલા જીવન, ધર્મ, નિષ્ઠા, કર્તવ્ય, કુટુંબ અને સમાજનાં ઈસુમય મૂલ્યોનો સિંહફાળો છે આજની મારી આ ઘડીમાં!

૨૩ વર્ષની ઉંમરે અમેરિકા આવ્યો. માહોલ બદલાયો હતો. મારી આજુબાજુ હવે સ્પૅનિશ મિશનરીઓ, ધર્મગુરુઓ, સાધ્વીબહેનો, ધર્મપરાયણ શિક્ષકો ન હતા. પ્રભુની વાણી જે હું માદરે વતનમાં સાંભળી શકતો હતો તે સાંભળતો બંધ થઈ ગયો! મારાં ધર્મપત્ની ઈલાના ૧૯૯૧માં અહીં આવ્યા બાદ બદલાવ આવવા માંડ્યો. તેઓ ખૂબ જ ધર્મપરાયણ છે. તેમના થકી દેવળની ઉપાસના વિધિઓમાં નિયમિત હાજરી, ધર્મસભાની પ્રાર્થનાઓ, જુદી જુદી ભક્તિ એટલે કે નવસંધ્યા ભક્તિ અને વિવિધ ભક્તિમાળાઓ, ગુલાબમાળાની ભક્તિ અને ખાસ તો બાઈબલ વાંચન વગેરે ફરી મારા જીવનમાં પ્રવેશ્યાં. હજીયે હું જિંદગીની ઘટમાળ વચ્ચે ઈશ્વર સાથે સંતાકૂકડી તો રમતો જ રહ્યો પરતું ઈશ્વર કટિબધ્ધ હતા!

હવે જ્યારે હું એ અતીતમાં નજર માંડું છું ત્યારે મને ખાતરી થાય છે કે, 'ઈશ્વર જેમને પસંદ કરીને આશિષ આપે છે, એને તે વળગી રહે છે.' ૨૦૦૧ માં સાઉથ પ્લેઇનફિલ્ડમાં રહેવા આવ્યા અને ચર્ચ ઓફ ધ સેક્રેડ હાર્ટ માં અમે આવતાં થયાં અને જાણે કે બધું જ બદલાવા માંડ્યું. અમારા ત્યારના પાસ્ટર ફાધર જહોન આલ્વારાડોની દેખરેખ અને બોધપાઠોએ ઘણી અસર કરવા માંડી! પવિત્ર વાતાવરણ, પવિત્ર લોકો, પવિત્ર સંગીત અને પવિત્ર સંગત મનને ઈસુમય બનવા માટેની દિશામાં જાણે કે ખેંચતા રહ્યાં. જાણે કે ઈશ્વરે મરિયમપુરામાં શરૂ કરેલી મારા માટેની યોજનાને હવે આખરી ઓપ આપવાનું નક્કી કરી જ લીધું હોય તેમ મારા જીવનમાં સમયાંતરે પ્રભુના મોકલેલા દૂતો આવતા ગયા, મને પ્રભુની ઓળખ આપતા ગયા, મને પ્રભુની વાણી સાંભળવાનું શીખવતા ગયા!

અગાઉની કોઈપણ જાતની ઓળખાણ કે યોજના ન હોવા છતાં અચાનક ફાધર પરેશ પરમારનું અમેરિકામાં આગમન અને એરપોર્ટથી જ સીધા જ અમારા ઘરે પ્રવેશ! તેમના દ્વારા મને પ્રભુની ઓળખ મળતી ગઈ, પ્રભુની વાણી કેવી રીતે સાંભળવી તે શીખવતા ગયા અને હું મારી હાકલને છેલ્લાં સાતઆઠ વરસોથી સાંભળતો અને સમજતો ગયો! ઈશ્વરે મારા માટે ઘડેલી યોજનાનો બરાબર અમલ થાય તે માટે તેમણે વડોદરાથી એક સંસારી સાધુ વિનુભાઈ મેકવાનને મોકલી આપ્યા! તેમનું ઈસુમય જીવન મારા માટે એક દીવાદાંડી રૂપ બની રહ્યું! તેમના દ્વારા પ્રેરિત બાઈબલ વાંચન, મનન અને સત્સંગ મારા જીવનનું અવિભાજ્ય ભાગ બની ગયાં! હવે જાણે કે હું પાછો મરિયમપુરા નામના નાનકડા પણ શ્રધ્ધાથી છલકતા ગામડાના ધર્મપરાયણ માહોલમાં, સારા બોધપાઠ, પવિત્ર શાસ્ત્ર વાંચન, મનન, સત્સંગ વગેરે પીરસતા ધર્મગુરુઓ, સાધ્વીબહેનો, ધર્મપરાયણ શિક્ષકો અને ધર્મજનો વચ્ચે પ્રભુને ઓળખતો ગયો, અને પ્રભુની વાણી સાંભળતો ગયો એ હદે કે હવે તો મારે બોલવું જ રહ્યું કે, 'પ્રભુ, ફરમાવો, આપનો સેવક સાંભળે છે.' ૨૦૧૯ માં સ્વીકારેલ આ હાકલ આખરે પરમપિતાની દયા અને કૃપાથી શુક્રવાર, ૩ મે, ૨૦૨૪ ના રોજ કેટલાયે ધર્મગુરુઓ, સાધ્વીબહેનો, ડીકન, કુટુંબના સભ્યો અને અન્ય ધર્મજનોથી ભરચક્ક એવા મહાદેવાલય (કથીડ્રલ)માં અમારા ધર્માધ્યક્ષશ્રી જેમ્સ ચેકિઓ દ્વારા અભિષિક્ત થવામાં પરિણમી!

**પ્રસંગ અહેવાલ**

એક હજારની ક્ષમતા ધરાવતા આ મહાદેવાલયમાં લગભગ પંદરેક જેટલા પુરોહિત ઉમેદવાર (Seminarians), જેઓ ધર્મગુરુ થવા માટેની તાલીમ લઈ રહ્યા છે, સાઈઠેક જેટલા ડીકન અને પચાસેક જેટલા ધર્મગુરુઓ અને લગભગ દસેક સાધ્વીઓની સાથે સાથે દરેક ઉમેદવારના કુટુંબના સભ્યો, મિત્રો, પોતાનાં ધર્મવિભાગના શુભેચ્છકો અને અન્ય ધર્મજનોથી આસિસિના સંત ફ્રાન્સિસ મહાદેવાલયમાં ઊભાં રહેવું પડે એ હદે ભરાઈ ગયું હતું.

એક પ્રથમ ગુજરાતી કૅથલિકની ડીકન દીક્ષા આ ઉમંગભર્યા પ્રસંગમાં અમદાવાદ ધર્મપ્રાંતના ફાધર પરેશ પરમારની હાજરી ખૂબ નોંધપાત્ર રહી. સાથે સાથે અહી સ્થાયી થયેલા અને ગુજરાતી કૅથલિકોને ૯૦ના દાયકા દરમ્યાન જેમણે ખૂબ જ મદદ કરી હતી તેવા મૂળે મુંબઈના અને અત્રે ન્યૂયોર્કના ધર્મપ્રાંતના સંત પાયસ દસમા ધર્મવિભાગના વડા પુરોહિત એવા ફાધર વેલેન્ટાઈન રેબેલોની હાજરી પણ ખૂબ નોંધનીય રહી.


USA 10 YEAR MULTIPLE VISA



SANJAY CHRISTY



SWATI CHRISTY

૧૦ વર્ષના USA Multiple Visa કરી આપવા બદલ માન્નાનો આભાર.

MANNA

201 - Patel Ashwamegh Complex, Above Tea post, Near Dairy Den Circle, Sayajigunj, Vadodara

Mob.: 98242 98864

શરૂઆતમાં જ પોતાનાં ખાસ યુનિફોર્મમાં સજ્જ એવા અંગરક્ષકો (Knights of Columbus)ના સભ્યો દ્વારા મહાદેવાલયમાં સરઘસની શરૂઆત કરવામાં આવી હતી જેમાં વેદીસેવકો બાદ, પંદર કાયમી ડીકન ઉમેદવારો અને એક હંગામી ઉમેદવારે પ્રવેશ કર્યો હતો. તેમના બાદ મેટાચનના ડીકન, ધર્મગુરુઓ અને છેલ્લે ધર્માધ્યક્ષ જેમ્સ ચેકિઓએ પ્રવેશ કર્યો ત્યારે આખું મહાદેવાલય ધૂપની સુગંધ હેઠળ અને મહાદેવાલયની ગેલેરીમાંથી ગ્રાન્ડ ઓર્ગન અને પિયાનો સાથે લગભગ પચ્ચીસેકના ગાયકવૃંદના ઉલ્લાસભર્યા ગીતો વચ્ચે એક પાવન વાતાવરણમાં પલટાઈ ચૂક્યું હતું.

ધર્માધ્યક્ષ જેમ્સ ચેકિઓએ બધાંને આવકારતાં અને ખાસ તો ઉમેદવારોનો અને તેમના પરિવારજનોનો આભાર માનતાં ખ્રિસ્તયજ્ઞની શરૂઆત કરી હતી. કેથલિક ધર્મસભાના નિયમો અનુસાર જુદી જુદી વિધિઓ દ્વારા અને ખાસ તો ધર્માધ્યક્ષ જેમ્સ ચેકિઓ દ્વારા દરેક ડીકન ઉમેદવારોના માથા પર હાથ મૂકી તેમને આખરી દીક્ષા આપવામાં આવી હતી. દીક્ષા મળ્યા બાદ, વિશ્વના પ્રથમ ગુજરાતી કૅથલિક ડીકન કેતન જોસેફ ક્રિશ્ચિયનને ખ્રિસ્તપ્રસાદના ડીકન તરીકે આ જ ખ્રિસ્તયજ્ઞમાં ધર્માધ્યક્ષ જેમ્સ ચેકિઓ સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવાની તક મળી હતી.

લગભગ બે કલાક ચાલેલ વિવિધ વિધિઓ અને ખ્રિસ્તયજ્ઞ બાદ મહાદેવાલય દ્વારા યોજાયેલ અલ્પાહાર પ્રસગમાં હાજરી આપી સહુ આનંદ સાથે છૂટા પડ્યા હતા. આજ રાત્રે પરિવારજનો દ્વારા યોજાયેલ સ્વાગત જમણવારમાં સ્વજનો, મિત્રો, ધર્મગુરુઓ, સાધ્વીઓ, ધર્મવિભાગના ધર્મજનો અને અન્ય શુભેચ્છકોએ ભાગ લઈ આ પ્રસંગની રંગેચંગે ઉજવણી કરી હતી. મેની પાંચમી તારીખ, રવિવારના રોજ નવઅભિષિક્ત ડીકન કેતન જોસેફ ક્રિશ્ચિયને પોતાના ધર્મવિભાગ ચર્ચ ઓફ સેક્રેડ હાર્ટ, સાઉથ પ્લેનફિલ્ડમાં સવારના ૧૦:૩૦ વાગે, પોતાના અત્યારના સભાપુરોહિત ફાધર એડમંડ લૂચિઆનો, અગાઉના સભાપુરોહિત ફાધર જોન આલ્વારાડો, ફાધર પરવેઝ ઈંદ્રીયાઝ, ડીઆકનેટ ડિરેક્ટર ડીકન સ્ટીવન કર્ન અને ડીકન ગ્રેગ કરૂસોની સાથે પોતાનો પ્રથમ આભાર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો જે દરમ્યાન તેઓએ પોતાનો પ્રથમ ધર્મોપદેશ આપ્યો હતો. ત્યારબાદ ધર્મવિભાગની પાસ્ટોરલ કાઉન્સિલ દ્વારા યોજાયેલ આવકાર સમારંભમાં સહુએ નવઅભિષિક્ત ડીકન કેતન જોસેફ ક્રિશ્ચિયનનો આવકાર કર્યો હતો.

આ જ દિવસે ૩:૦૦ વાગ્યે વિશ્વના પ્રથમ ગુજરાતી કેથોલિક ડિકન કેતન જોસેફ ક્રિશ્ચિયનની દીક્ષા માટે ગુજરાતથી પધારેલ ફાધર પરેશ પરમારની સાથે અહીં વસતા ગુજરાતી કૅથલિક સભ્યો માટે ગુજરાતી ભાષામાં ગુજરાતી કૅથલિક સમાજ ઓફ યુ.એસ.એ. આયોજિત ગુજરાતી ભાષામાં આભાર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો, જેમાં તેઓએ ગુજરાતીમાં ધર્મબોધ પીરસ્યો હતો. ત્યારબાદ યોજાયેલ આવકાર સમારંભમાં ભાગ લઈ, ભોજન લઈ સહુ છૂટા પડ્યા હતા.■

---

લેખકશ્રી સાઉથ પ્લેઇનફિલ્ડ, ન્યુ જર્સી, યુ. એસ. એ. ખાતે ડીકન તરીકે સેવારત છે.


રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન
(An Autonomous Institution Under Minitry of HRD, Govt. of India)
NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
NIOS
(Govt. Of India) (માનવ સંશોધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર)
ધો. ૭,૮,૯ નપાસ/પાસ અથવા ધો ૧૦ નપાસ
ધો ૧૦ ની પરીક્ષા આપો. ગુજરાતી/અંગ્રેજી,હિન્દી
એડમિશન માટે મળો
સૌથી ઓછી ફી
શું તમે ચાલુ વર્ષમાં જ પાસ થવા માંગો છો?
તો હવે વર્ષ બગડવાની ચિંતાથી મેળવો છુટકારો...
છેલ્લા ૮ વર્ષથી NIOS BOARD નું
સંપૂર્ણ માર્ગદર્શન આપતી એકમાત્ર સંસ્થા
NIOS BOARD ની વિશેષતા
➡ સરકાર માન્ય બોર્ડ છે
➡ ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
➡ ઉચ્ચ અભ્યાસ / વિદેશ જવા માન્ય છે.
➡ સરકારી ભરતી / બઢતી માટે માન્ય છે.
➡ સ્પર્ધાત્મક પરીક્ષા માટે માન્ય છે.
➡ એડમિશન લેવા માટે ઉંમરનું કોઈ બંધન નથી.
➡ મેડીકલ, એન્જીનીયરીંગ, નર્સિંગ જેવા કોઈપણ ફિલ્ડમાં સરકારી તથા ખાનગી યુનિવર્સિટીમાં એડમિશન મેળવો.

રાહત દરે નોટબુક ચોપડા સ્ટેશનરી મળશે.
M:9879634673

રાફા ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
rapha foundation
RAPHA INSTITUTE
રાફા નર્સિંગ એન્ડ પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ
St. 10 & 12
(Science, Commerce, Arts)
એડમિશન માટે મળો
સૌથી ઓછી ફી

Nursing Assistant 6Months to 12 Months
SI, Xray, CT Scan, MRI, MLT, DMIL, Dialysis, OT, ICU Technician, Patient Care First Aid, Palliative Care
G.N.M. B.sc Nursing, P.bsc Nursing, M.sc Nursing
B-Pharm, D-Pham, MLT, D.MLT B.H.M.S., B.A.M.S.
B.Com, M.Com, B.Sc. BA, B.Ed, M.Sc., BBA, BCA, LLB
B.Tech, M.TEch, Phd, B.Sc IT
All Type Of Diploma Course & Engineering Course
Addmission Open
Chani Jakat Naka
9106252277
Makarpura
9879484268
Gotri
9879634673
૧, ફર્સ્ટ ફ્લોર, ક્રિષ્ણા પ્રાઈમ, ઉમા અમર પાર્ટી પ્લોટની સામે, છાણી જકાતનાકા, વડોદરા.
M:9106252277